# વિદ્યાર્થીને હક્ક માટે લડવું પડે ? શરમજનક બાબત

આપ સમાચારપત્રોમાં વારંવાર વાંચતા હશો કે, કોઇ વિદ્યાર્થીને એમ લાગે કે તેને ચોક્કસ બાબતમાં અન્યાય થયો છે. જેથી ન્યાય મેળવવા તે કોર્ટમાં જાય છે, જ્યાં તેને ન્યાય મળે છે. આ વિદ્યાર્થી કોર્ટમાં જાય તે પૂર્વે લાગતાવળગતા વ્યક્તિ કે અધિકારીને મળ્યો જ હોય છે, પણ ત્યાં તેની રજૂઆતને સાંભળવામાં આવી હોતી નથી કે તેની રજૂઆતનું ખોટું અર્થઘટન કરીને તેને કાઢી મૂકવામાં આવ્યો હોય. આવી રીતે વારંવારની રજૂઆત છતાં પણ વિદ્યાર્થીની રજૂઆતનું કોઇ પરિણામ ન આવે પછી જ વિદ્યાર્થી કોર્ટનો આશરો લેતો હોય છે. ક્યારેક તો તે વિદ્યાર્થી કોઇ ઉપરી અધિકારી પાસે ધક્કા ખાય, ઉપરી અધિકારી વિદ્યાર્થીના નસીબ જોગે તેનું સાંભળે પછી તે અધિકારી નીચેના કર્મચારીને આદેશ કરે ત્યારે પેલા બાપડા-બિચારા બની ગયેલા વિદ્યાર્થીનું કામ થાય !

ઉપરોક્ત જેવી ઘટનાઓ તમે માત્ર વાંચી હશે કે સાંભળી હશે તેવું નહીં જ હોય, કદાચ તમારી સાથે કે તમારા બાળકની સાથે કે તમારા સગાંના બાળક સાથે આવું બન્યું હશે અને તમે પણ કદાચ દોડાદોડી કરી હશે. ત્યારે પ્રશ્ન તાય કે શું વિદ્યાર્થીએ પણ તેના હક્ક માટે લડવું પડે ? પુખ્ત નાગરિક બનવા મથતો એક યુવાન, જિંદગીના ચોક્કસ વળાંક પર આવ્યો છે, જે દુનિયાદારીના અનુભવો પ્રાપ્ત કરવાની શરૂઆત કરે છે, ત્યાં જ તેને અન્યાય કે ભ્રષ્ટાચાર કે વહીવટકર્તાઓના અજ્ઞાનને કારણે હેરાન પરેશાન થવું પડે છે. તો જે તે સમયે દુનિયાદારીમાં પ્રવેશ કરતો પેલો વિદ્યાર્થી લોકો માટે, તંત્ર માટે કે દુનિયા માટે કેવા વિચારો સાથે પ્રવેશ કરશે? આવી નકારાત્મક ઘટનાઓ બને ત્યારે કેલાક વિદ્યાર્થીઓ બાપડા-બિચારા બનીને હતાશ બની જાય છે, તેમને તંત્ર સામે અવિશ્વાસ પેદા થાય છે, ક્યારેક તેઓ જે તે મેદાન છોડીને અન્ય જગ્યાએ શીફ્ટ થાય છે, તો વધારે લાગણીશીલ યુવાનો આપઘાત પણ કરે છે. તેમાં પણ જો તેમના વાલી કે સગાં આર્થિક રીતે સશક્ત હોય અને કાયદાકાનૂનના જાણકાર હોય તો તેઓ ન્યાયાલયને શરણે જઇને ન્યાય મેળવવા મથે છે, જેમાં સમય અને વકીલોના પૈસાના ભોગે તેમને ન્યાય મળે છે, જેનાથી પણ તેઓ સંતોષ માને છે. આમ પોતાનો હક્ક મેળવવા માટે ન્યાયાલયનો આશરો લેવો પડે તે વિદ્યાર્થી માટે કેટલી હતાશાજનક સ્થિતિ હશે ? તો બીજી બાજુ વિદ્યાર્થીને અન્યાય કરનાર અધિકારીઓ કે વહીવટદારો માટે કેટલી મોટી શરમ જનક બાબત ગણાય ? પણ આવી શરમ જાડી ચામડીના અધિકરીઓ કે વહીવટદારોને આવતી હશે ખરી ? નહીં જ આવતી હોય, નહીં તો વિદ્યાર્થીના પક્ષે રહીને કાયદાકીય રાહે કામ કરીને વિદ્યાર્થીને સંતોષ થાય તેવા નિર્ણયો ન લે ?

આ લેખ લખવાની પ્રેરણા હમણાં કેટલાક વિદ્યાર્થીઓએ ન્યાયાલયનો આશરો લઇને ન્યાય મેળવ્યો તેમાંથી મળી છે. જેમકે, પ્રાથમિક શિક્ષકોની ભરતી માટે સામાજિક વિજ્ઞાનના વિદ્યાર્થીઓ કોર્ટમાં ગયા કે આમરી પણ પરીક્ષા લેવાવી જોઇએ. કોર્ટે સરકારને આદેશ કર્યો અને સરકારે હવે તે વિદ્યાર્થીઓની પરીક્ષા લેવી પડશે. બીજી બાબત છે, કે જી.પી.એસ.સી.ની પરીક્ષામાં  પાસ થયેલા વિચર્થીઓને પણ અન્યાય જેવું લાગતું હતુ તેઓએ પણ કોર્ટ દ્વારા ન્યાય મેળવ્યો, તો વળી ક્યારેક એડમિશનમાં કોઇ વિદ્યાર્થીને અન્યાય થયો હોય અને તે વિદ્યાર્થી કોર્ટ દ્વારા ન્યાય મેળવીને પ્રવેશ મેળવે છે. તો વળી કોઇને ચોક્કસ પ્રમાણપત્ર ન મળતું હોય કે સ્કોલરશીપ ન મળતી હોય કે લોન ન મળતી હોય તો પણ વિદ્યાર્થીએ કોર્ટ દ્વારા જ ન્યાય મેળવવો પડે છે. બીજો રસપ્રદ અને અધિકારીઓની માનસિકતા છતી કરતો કિસ્સો. એક ભાઇ કે જેમની પાસે પાંત્રીસ વર્ષથી પછાત જાતીનું પ્રમાણપત્ર હતું. જેને કલેક્ટરશ્રીએ કોઇ કારણોસર રદ કર્યુ. તે ભાઇ કોર્ટમાં ગયા. કોર્ટનો ચૂકાદો હજુ આવ્યો નથી. તે ભાઇના પુત્રએ ધો.૧૨ની પરીક્ષા પાસ કરી. પ્રવેશમાં લાભ લેવા માટે તે ભાઇએ પોતાના પુત્ર માટે પછાતજાતિનું પ્રમાણપત્ર મેળવવા લાગતાવળગતા અધિકારીની કચેરીમાં અરજી કરી. દરેક અધિકારીએ જણાવ્યુંકે, અમે તમારું પ્રમાણપત્ર રદ કરેલ છે. જેથી તમારા બાળકને આ લાભ અમે નહીં આપીએ. ભાઇશ્રીએ હાઇકોર્ટમાં રીટ કરી. કોર્ટે અધિકારીઓને પૂછયું કે, કેમ પ્રમાણપત્ર આપતા નથી?

અધિકારીઓએ જણાવેલ કે અમે તેનાવાલીનું પ્રમાણપત્ર રદ કરે છે. ત્યારે કોર્ટે પ્રશ્ન પૂછ્યો કે તે ભાઇએ તમારા નિર્ણય સામે કોર્ટમાં રીટ કરેલ છે, અને હજુ કોર્ટે નિર્ણય આપ્યો નથી કે તમે સાચા છો કે ખોટા ? તો તેના બાળકને અત્યારે તમે પ્રમાણપત્ર આપતા નથી અને ધારો કે ભવિષ્યમાં કોર્ટ તે ભાઇના પક્ષે નિર્ણય આપે કે તે ભાઇ પછાતવર્ગનું પ્રમાણપત્ર મેળવવા હક્કદાર છે. તો આપનો નિર્ણય ખોટો ઠરશે. આ સમયે તેના બાળકના એડમિશનની પ્રક્રિયા પણ પૂર્ણ થઇ હશે અને તે બાળક તેના હક્કથી વંચિત રહેશે. માટે તમારો અત્યારનો નિર્ણય ખોટો છે. તમારે તે બાળકને શરતી પ્રમાણપત્ર આપવું જોઇએ કે, ભવિષ્યમાં તેના વાલીને જો પછાતવર્ગમાં સમાવેશ ન કરવાનો નિર્ણય કોર્ટ આપે તો તેના બાળકે લીધેલા લાભ પાછા ખેંચવામાં આવશે. અંતે અધિકારીઓએ કોર્ટના આ આદેશને માનવો પડયો.

ઉપરોક્ત જેવા બનાવોની સંખ્યા વધતી જાય છે ત્યારે પ્રશ્ન થાય છે કે, વહીવટી તંત્ર માટે વિચર્થીઓ છે કે વિદ્યાર્થીઓ માટે વહીંવટી તંત્ર છે ? મોટાભાગે એવું બને છે કે, વહીવટી કર્મચારીઓ પોતાની જાતને મહાન અને ચોક્કસ માને છે. હકીકતમાં તેઓ પોતે પોતાની જાતને માનવ તરીકે સ્વીકારવા તૈયાર જ નથી. જો પોતાની જાતને માનવ તરીકે સ્વીકારવા તૈયાર હોત તો તેઓએ સ્વીકાર્યું હોત કે માનવ માત્ર ભૂલને પાત્ર. પણ તેઓ તો તેવું જ માને છે કે અમે કહીએ તે સાચું અને તે જ નિયમ. અમારાથી કોઇ ભૂલ થાય જ નહીં. ત્યારે દલીલો કરીને પોતાનો પક્ષ કે હક્ક રાખવા મથતા દેશના ભાવિ નાગરિક એવા યુવાનના મનમાં કેવું ઝેર ભરાય છે તે શું પેલા ભણેલાગણેલા પોતાની જાતને મહાન માનતા વહીવટ કરતાં વ્યક્તિને અણસાર પણ નહીં આવતો હોય ?

વિદ્યાર્થીઓને થતા આવા અન્યાય સામે વિદ્યાર્થી સંઘો ક્યારેક પ્રયત્ન કરે છે, પણ તેમના માથે પણ માછલા ધોવાય જ છે. કારણ કે તેમાં કેટલાક વિદ્યાર્થી નેતાઓ ભ્રષ્ટાચાર કરીને લાભ અપાવવામાં માહેર હોય છે. આવા નેતાઓને દૂર કરવા તે વિદ્યાર્થીસંઘના બાકીના સભ્યોની ફરજ છે. અંતે નિર્ણય લેતા દરેક વ્યક્તિને એક વિનંતી કે સલાહ...... તમારી સામે આવેલ વિદ્યાર્થીને તમારા બાળક તરીકે જૂઓ. તે વિદ્યાર્થીની જગ્યાએ તમારું બાળક હોય અને તે કોઇ અધિકારી પાસે પોતાની વાત રજૂ કરવા જાય ત્યારે તે અધિકારી પાસે તમે કેવી અપેક્ષા રાખશો ? શું તેવી અપેક્ષા તમે બીજા કોઇ વિદ્યાર્થીની પૂર્ન કરો છો ? બીજી એક વિનંતી સરકાર અને માનનીય કોર્ટને પણ કરવાની થાય છે કે, કોઇ વિદ્યાર્થી અન્યાયને કારણે કોર્ટમાં જાય અને કોર્ટ તેના પક્ષે નિર્ણય આપે ત્યારે જે વ્યક્તિને કારણે તે વિદ્યાર્થી દંડાયો હોય, હેરાન થયો હોય અને પૈસાનો ખર્ચ કરવો પડયો હોય ત્યારે તેની વસૂલાત માટે સરકાર અને કોર્ટશ્રીએ જે અધિકારીને કારણે વિદ્યાર્થીને નુકશાન થયું છે, તે નુકશાન જે તે અધિકારી કે વ્યક્તિ પાસેથી વસૂલ કરવું જોઇએ.

Email: dr.ashokpatel@in.com

વિનંતી : લેખના અંતે ઇમેલ આઇડી ખાસ છાપવું